# <u>રાજકોટ મહાનગરપાલિકા (મહેકમ શાખા)</u>

## <u>જુનિયર ક્લાર્ક ડોકયુમેન્ટ વેરીફિકેશન અને ટાઈપીંગ ટેસ્ટ અંગેની અગત્યની સૂચનાઓ</u>

### (A) <u>ટાઈપીંગ ટેસ્ટ અંગેની અગત્યની સૂચનાઓ:</u>

- કોમ્પ્યુટર ટાઈપીંગ અંગેજી તેમજ ગુજરાતી ભાષામાં કરવાનું રહેશે. કોમ્પ્યુટર ટાઈપીંગનો સમય ૨૦(વીસ) મિનિટનો રહેશે.
- ગુજરાતી ટાઈપીંગ ઇન્ડિક શ્રુતિ ફોન્ટમાં કરવાનું રહેશે.
- ટાઈપીંગ "ચોક્કસાઈ પૂર્વકની ન્યુનતમ ૫૦૦૦ કી ડીપ્રેશન પર અવર/૧૭ વર્ડ પર મિનિટ " મુજબ કરવાનું રહેશે.
- **<u>ટાઈપીંગ કરવામાં આવેલ મેટરમાં જે વર્ડ/શબ્દ ભૂલ ભરેલો હશે તે સંપુર્ણ લાઈન નહી પરંતુ ફક્ત જે તે વર્ડ/શબ્દ જ ઉમેદવારની સ્પીડનાં કૌશલ્ય માટે ધ્યાને લેવામાં આવશે નહી.</u>**
- ટાઇપ કરવામાં આવેલ કુલ લાઈનો પૈકી ૫૦% કે તેથી વધુ લાઈનમાં ભૂલ ભરેલા (ક્ષતિ વાળા) વર્ડ/શબ્દો હશે તો તે ઉમેદવારને ટાઈપીંગ ટેસ્ટમાં ફેઈલ ગણી ભરતીની આગળની કાર્યવાહી માટે ગેરલાયક ગણવામાં આવશે.
- આ ઉપરાંત ટાઈપીંગ અંગેની અન્ય સૂચનાઓ બ્લોક સુપરવાઈઝર દ્વારા આપવામાં આવશે. તેનું અવશ્યપણે પાલન કરાવાનું રહેશે.

### (B) <u>ડોકયુમેન્ટ વેરીફિકેશન અંગેની અગત્યની સૂચનાઓ:-</u>

- ડોકયુમેન્ટ વેરીફિકેશન ફોર્મ સાથે નીચે જણાવેલ આધારોની સ્વ પ્રમાણિત નકલ ક્રમ મુજબ સામેલ રાખવાના રહેશે.

| | |
|---|---|
| **૧)** કોલલેટર | ૨) સ્કુલ લીવીંગ સર્ટિફિકેટ/જન્મ તારીખનો દાખલો |
| **3)** SSC, HSC માર્કશીટ | **૪)** સ્નાતકની તમામ વર્ષ/સેમેસ્ટરની માર્કશીટ |
| **૫)** ડીગ્રી સર્ટિફિકેટ | **૬)** કેટેગરી/જાતિ પ્રમાણપત્ર (OBC/SC/ST/EWS) |
| **૭)** OBC હોય તો નોન ક્રીમી લેયર પ્રમાણપત્ર | **૮)** ફોટો આઈ-ડી પ્રૂફ |
| ૯) PH હોય તો તેને લગત જરૂરી આધાર પુરાવા/સુપ્રીન્ટેન્ડન્ટ/સિવિલ સર્જનનાં તબીબી પ્રમાણપત્રો | |
| **૧૦)** EX ARMYMAN હોય તો તેને લગત જરૂરી પ્રમાણપત્રો/આધાર પુરાવા | |
| ૧૧) અન્ય આનુષાંગિક આધાર-પુરાવાઓ | |

- ઉમેદવારે ડોકયુમેન્ટ વેરીફિકેશન કરાવતી વખતે ઉપરોક્ત ઓરીજનલ ડોકયુમેન્ટ સાથે રાખવા.
- ડોકયુમેન્ટની ચકાસણી મૂળ અરજી કરવાની છેલ્લી તા.૦૯/૦૨/૨૦૨૧ ની સ્થિતિએ કરવામાં આવશે.

## (C) <u>અન્ય સુચનાઓ</u>

- સરકારશ્રીની કોવીડ-૧૯ અંગેની ગાઈડલાઈનનું સંપુર્ણ પાલન કરવાનું રહેશે.

- જુનિયર ક્લાર્ક સંવર્ગના ડોકયુમેન્ટ વેરીફિકેશન તથા ટાઈપીંગ ટેસ્ટ અન્વયે **<u>કોલલેટરમાં દર્શાવેલ શિડયુલ દરમિયાન કોઈ ઉમેદવારને “કોવીડ-૧૯” રીપોર્ટ પોઝીટીવ હોય તો તે ઉમેદવારના ડોકયુમેન્ટ વેરીફિકેશન તથા ટાઈપીંગ ટેસ્ટમાં કોલલેટરમાં જણાવેલ તારીખે હાજર રહેવામાંથી મુક્તિ આપવામાં આવે છે.</u>**

- “કોવીડ-૧૯” રીપોર્ટ પોઝીટીવ હોય તો તે ઉમેદવારના ડોકયુમેન્ટ વેરીફિકેશન તથા ટાઈપીંગ ટેસ્ટ આગામી તા.૨૯/૦૧/૨૦૨૨ નાં રોજ સવારના ૦૯:૩૦ કલાકથી બપોર બાદના ૫:૦૦ કલાક સુધી લેવામાં આવનાર છે. **<u>જે અંગે લગત ઉમેદવારે તેઓના પ્રતિનિધિ મારફત અગાઉના કોલલેટર સાથે તા.૨૪/૦૧/૨૦૨૨ થી તા.૨૮/૦૧/૨૦૨૨ દરમિયાન કચેરી કામકાજનાં સમય દરમિયાન લેખિતમાં રૂબરૂમાં મહેકમ શાખામાં જાણ કરવાની રહેશે</u>** અને **<u>આવી અરજી કરેલ ઉમેદવારે તા.૨૯/૦૧/૨૦૨૨ નાં રોજ ડોકયુમેન્ટ વેરીફિકેશન તથા ટાઈપીંગ ટેસ્ટ માટે રાજકોટ મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન કચેરી, મહેકમ શાખા, રૂમ-૧/એ ખાતે જરૂરી આધાર પુરાવા સહ હાજર રહેવાનું રહેશે.</u>** આ બાબતે અલગથી કોઈપણ પ્રકારની જાણ કરવામાં આવશે નહી જે અંગે સંબધિત ઉમેદવારોએ નોંધ લેવી.